ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૫/૨૦-૨૧/ 3752 તારીખ : 28 OCT 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી સિધ્ધપુરા હિંમતભાઈ જીવણભાઈ,**
મું. મોખડકા,
તા.પાલીતાણા,
**જી. ભાવનગર.**
**મો.નં. ૯૩૬૩૩ ૩૩૭૭૭.**

કેસ નં.૧૫/૨૦-૨૧

**વિષય : નવા ઔધોગીક કનેકશન ન મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૬/૭/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૮/૭/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫/૨૦-૨૧/૨૪૧૯ તા.૧૦/૭/૨૦૨૦.
(૩) આપનો પત્ર તા.૨૦/૮/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૮/૮/૨૦૨૦.
(૪) આપનો પત્ર તા.૨૪/૯/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૮/૯/૨૦૨૦.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫/૨૦-૨૧/૩૪૯૩ તા.૦૮/૧૦/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૦/૧૦/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, **પાલીતાણા.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૧૫/૨૦–૨૧</u>** ☜

વાદી :– **શ્રી સિધ્ધપુરા હિંમતભાઈ જીવણભાઈ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૨૦/૧૦/૨૦૨૦</u>** ◈

હાજર રહયા :– **શ્રી સંજયભાઈ રસીકલાલ મહેતા – (વાદીના પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી એસ.એચ.રાઠોડ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી સિધ્ધપુરા હિંમતભાઈ જીવણભાઈ, મું.મોખડકા, તા.પાલીતાણા, જી.ભાવનગર ની નવા ઔધોગીક કનેકશન ન મળવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૫/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫/૨૦–૨૧/૨૪૧૯ તા.૧૦/૭/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા <u>તા.૨૦/૧૦/૨૦૨૦</u> નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી સિધ્ધપુરા હિંમતભાઈ જીવણભાઈ વતી તેમના પ્રતિનિધિ શ્રી સંજયભાઈ રસીકલાલ મહેતા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.એચ.રાઠોડ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

Grievance Redressal Forum, P.G.V.C.L. Bhavnagar.

☞ <u>વાદીશ્રીની રજુઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી દ્વારા નવા વિજ જોડાણ માટે જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ કરી મેં ઉપરોક્ત નામે ઔધોગીક વિજ જોડાણ અંગે અરજી કરેલ હતી.

૧.૨ પેટા વિભાગીય કચેરી દ્વારા જરૂરી સર્વે કરી અમોને રજીસ્ટ્રેશન માટેની જાણ કરતાં, અમોએ જરૂરી રકમ પહોંચ નંબર– VW ૯૬૫૭૮૮ તા.૫/૯/૨૦૧૯ ના રોજ પાલીતાણા શહેર પેટા વિભાગીય કચેરી માં ભરપાઈ કરેલ.

૧.૩ રજીસ્ટ્રેશન ની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ પેટા વિભાગીય કચેરી દ્વારા કોઈ લેભાગુ અને વિઘ્ન સંતોષી માણસોની લેખિતમાં વાંધા અરજી લેવડાવી અમોને વિજ જોડાણ ન મળી શકે તથા અમારી રજીસ્ટર થયેલ અરજી રદ કરવામાં આવેલ છે. તે બાબતોનો પત્ર નં– પીટીએસ/ટેક/૨૨૨૮ તા.૭/૯/૨૦૧૯ થી વાંધા અરજીના અનુસંધાને અમારી અરજી રદ કરેલ તે બાબતની જાણ કરેલ.

૧.૪ સદર વિજ જોડાણ નોંધણી વાળી જગ્યા ના દસ્તાવેજી પુરાવા સાચા છે કે ખોટા, તે નામદાર કોર્ટ દ્વારા નકકી કરવાનું હોય છે, નહી કે પીજીવીસીએલ નું નામદાર કોર્ટ દ્વારા એવો કોઈ વચગાળાનો હુકમ કરેલ નથી કે તકરાર ચાલુ હોય તેવા સમયમાં સદર જગ્યાએ કોઈ વિજ જોડાણ ન આપવું.

૧.૫ સદર અમારી માલીકી ની જગ્યાની બાજુમાં પણ આવી જ તકરાર હોવા છતાં, વિજ જોડાણ ફાળવેલ છે. અને તે જોડાણ હાલ ચાલુ હાલતમાં પણ છે.

૧.૬ સદર કહેવાતી વાંધા અરજી સબબ અમો હાલ બાંહેધરી આપી સહમતી આપીએ છીએ કે, '' નામદાર કોર્ટ ની તકરાર પૂર્ણ થયે, નામદાર કોર્ટ જે કોઈ પણ હુકમ કરશે તે મુજબ અગર પીજીવીસીએલ સદર વિજ જોડાણ રદ કરશે તો ભવિષ્યમાં અમો કોઈ દર દાવો કે તકરાર ઉઠાવીશું નહી'' તેવી લેખિત બાંહેધરી લઈ અમોને અમારા હકક મુજબનું તથા પીજીવીસીએલ ના નિયમ અનુસાર જોડાણ ફાળવવા હુકમ કરવા નમ્ર વિનંતી.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ- તેમની રજુઆત છે કે.</u>**

૨.૧ વાદી શ્રી સિધ્ધપુરા હિંમતભાઈ જીવણભાઈ, ગામ-મોખડકા ના રહેવાસી કે જેઓએ પાલીતાણા તાલુકાના મોજે મોટી રાજસ્થળીમાં સર્વે નંબર-૪૦ પૈકીમાં વિજ જોડાણ મેળવવા માટે નોંધણીની રકમ રૂ.૪૦૦/- પહોંચ નંબર- VW ૯૬૫૭૮૮ તા.૫/૯/૨૦૧૯ થી ભરી કરાવેલ હતી.

૨.૨ ત્યારબાદ, શ્રી મુકેશભાઈ ગણેશભાઈ સુતરીયા દ્વારા તા.૬/૯/૨૦૧૯ ના રોજ સદર નોંધણી કરેલ અરજદારને વિજ જોડાણ નહી આપવા બાબતે વાંધા અરજી આપેલ. સદર અરજીમાં વાંધો લેનાર દ્વારા જણાવેલ છે કે, જે પ્લોટમાં વાદી એ વિજ જોડાણ માંગેલ છે તે સર્વે નંબર-૪૦ માં પોતાનો હિસ્સો હોવાનું જણાવેલ છે અને રેવન્યુ રેકોર્ડ માં પણ નામ હાલ ચાલુ હોવાનું જણાવેલ છે. વધુમાં, સદર અરજીમાં જણાવેલ છે કે, સદર પ્લોટોમાં હાલમાં પાલીતાણાના મહેરબાન પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ સાહેબની કોર્ટ માં સિવિલ સુટ દિવાની કેસ નં- ૬/૨૦૧૯ ચાલુ હોવાનું જણાવેલ છે.

૨.૩ સદર સિવિલ સુટ દિવાની કેસ નં-૬/૨૦૧૯ ના કેસ પેપર પણ તેઓ દ્વારા પોતાની વાંધા અરજી સાથે જોડેલ હતા. જેમાં સદર માંગણી વાળી જગ્યાનો ઉલ્લેખ કરેલ છે.

૨.૪ સદર વાંધા અરજી નો પેટા વિભાગીય કચેરી દ્વારા અભ્યાસ કરી, વાદીશ્રી ને પત્ર નં-પીટીએસ/ટેક/૨૨૨૮ તા.૭/૯/૨૦૧૯ થી પત્ર લખી તેઓને સદર અરજી *સિવિલ સુટ દિવાની કેસ નં-૬/૨૦૧૯* ચાલુ હોય, નવા વિજ જોડાણ ની અરજી રદ કરવાનું જણાવવામાં આવેલ.

૨.૫ વધુમાં, આપ સાહેબને જણાવવાનું કે, સદર બાબત હાલમાં કોર્ટ ખાતે કાયદાકીય કાર્યવાહી હેતુ પેન્ડીંગ હોય, જેનો ચુકાદો ભવિષ્યમાં કોર્ટ દ્વારા આપવામાં આવશે તે ચુકાદા ને આધિન રહેશે. તેમજ તે ચુકાદાની નકલ અરજદાર દ્વારા અત્રેની કચેરીને જમા કરવાની રહેશે, તે પછી અત્રેની કચેરી દ્વારા આગળની યોગ્ય તેમજ કંપની ના નિયમ અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

૨.૬ આમ, સદર નવા વિજ જોડાણ વાળી જગ્યાએ કોર્ટ કેસ ચાલુ હોય સદર અરજી જે તે સમયે રદ કરેલ છે. જે આપ સાહેબની જાણ સારૂં અને યોગ્ય કાર્યવાહી સારૂં.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી સિધ્ધપુરા હિંમતભાઈ જીવણભાઈ ગામ–મોખડકા, તા.પાલીતાણા એ પ્રતિવાદીની પાલીતાણા પેટા વિભાગીય કચેરીમાં સર્વે નંબર–૪૦ ના પ્લોટમાં નવા ઔધોગીક વિજ જોડાણ માટે જરૂરી દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરી તા.૫/૯/૨૦૧૯ ના રોજ રૂ.૪૦૦/– ભરી અરજી નોંધણી કરાવેલ.

૩.૨ પ્રતિવાદીની પાલીતાણા ની કચેરીએ તા.૭/૯/૨૦૧૯ ના રોજ વાદીને તેની અરજી રદ કરવા અંગે જાણ કરેલ. જેમાં જણાવેલ છે કે, મુકેશભાઈ ગણેશભાઈ સુતરીયા તરફથી સર્વે નંબર–૪૦ ના પ્લોટોની માલીકીની તકરાર હોઈ, વાદીને વિજ જોડાણ આપવાની કાર્યવાહી અટકાવવી.

૩.૩ પ્રતિવાદી એ રજૂ કરેલ જવાબ તેમજ દસ્તાવેજી પુરાવા પ્રમાણે મુકેશભાઈ ગણેશભાઈ સુતરીયાએ પાલીતાણા પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબની કોર્ટ માં સ્પેશીયલ દિવાની કેસ નં–૬/૨૦૧૯ થી હિંમતભાઈ જીવણભાઈ સિધ્ધપુરા તેમજ અન્ય ૧૪ વ્યકિતઓ સામે દાવો દાખલ કરેલ છે. આ દાવો સર્વે નંબર–૪૦ ના ૨૮ પ્લોટની માલીકી, બનાવટી ગેરકાયદેસર દસ્તાવેજો અંગેનો છે.

૩.૪ પારા નં–૩.૩ મુજબ સર્વે નંબર–૪૦ ના પ્લોટોની માલીકી નો કેસ નામદાર કોર્ટમાં પેન્ડીગ હોઈ, GERC નોટીફીકેશન નં–૨/૧૯ ના કલોઝ નં–૨.૩૩(૧) મુજબ સબ જયુડીશીયલ મેટર હોઈ, ફોરમે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

**–:: <u>હુકમ</u> ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી.એન.બજાકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ.આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૨૦/૧૦/૨૦૨૦.**